**મુંબઈના** મેલા-ભૂખરા આકાશમાં ઊંચાં ઊંચાં બિલ્ડિંગોની પાછળથી પસાર થઈને જુહુના દરિયાકિનારા સુધી આવી પહોંચેલો આખા દિવસનો દોડતો-હાંફતો-થાકેલો સૂરજ દરિયામાં પગ બોળીને ‘હાશ’ કરતો હતો. દૂર દૂર કૉલેજ બંક કરીને આવેલા કે ઑફિસમાંથી સહેજ વહેલાં ભાગી છૂટેલાં પ્રેમીપંખીડાં એકબીજામાં ખોવાઈને બીજા દિવસે મળવાના વાયદા કરી રહ્યાં હતાં. દિવસ જાણે આખા દહાડાની હાયવોય પછી પગ વાળીને નિરાંતે બેઠો હતો. દરિયાકાંઠાનો પવન ફરફરાટ વાતો હતો. જુહુના બિલકુલ દરિયાકિનારા ઉપર નીચે દરિયામાં પગ બોળીને અને ઉપર આકાશનો હાથ પકડીને ઊભું હોય એવા એક ગગનચુંબી મકાન - ‘મરમેઇડ’ના સૌથી ઉપરના ચૌદમા માળે દોડાદોડી ચાલતી હતી. ત્રણ-ચાર રસોઇયા રસોડામાં ચાઇનીઝ, ઇટાલિયન અને ઇન્ડિયન ચાટ તૈયાર કરી રહ્યા હતા. બહાર અગાશીમાં બારટેન્ડર બારનું ટેબલ સેટ કરી રહ્યો હતો. લગભગ પાંચસો જેટલા ફુગ્ગાઓ અને રિબન્સ અગાશીના થાંભલાઓને સજાવી રહ્યાં હતાં. લગભગ પચીસસો સ્ક્વેર ફીટ મોટી અગાશી વૉલ ટુ વૉલ કાર્પેટથી સજાવાઈ હતી...

સુંદર બુફે ટેબલ્સ ઉપર શેફકૅપ પહેરેલા વેઇટર્સ ડિનરની તૈયારી કરી રહ્યા હતા... લગભગ અઢીસો-ત્રણસોથી વધુ બુકેઝથી અગાશી ભરાઈ ગઈ હતી. હવામાં એક સુગંધ હતી. થોડી મદહોશીની મહેક પણ જાણે પાર્ટીની તૈયારીમાં હાજર થઈ ગઈ હતી.

‘મરમેઇડ’ના ચૌદમા માળના એક ઓરડામાં એક છોકરી ઢગલો કપડાં ખાટલા પર વિખેરીને બેઠી હતી. બાજુમાં એણે તાજાં તાજાં શૉપિંગ કરીને લાવેલાં કપડાંની પ્લાસ્ટિક બૅગ્સ વિખરાયેલી પડી હતી... ટ્રાય કરીને ફેંકેલાં કપડાં રૂમમાં ચારે બાજુ વિખરાયેલાં પડ્યાં હતાં. ડ્રેસિંગ ટેબલ અસ્તવ્યસ્ત હતું.

બાથરોબ પહેરીને અરીસા સામે ઊભેલી એક સત્તરેક વર્ષની

છોકરી સદ્યસ્નાતા સુંદર દેખાતી હતી. હજી હમણાં ફેસવૉશથી સાફ કરેલી એની ચામડી તગતગતી હતી. એના વાળ કમર સુધીના ભીના, છુટ્ટા હતાં. ગોલ્ડન કલરની હાઇલાઈટ કરેલા વાળમાંથી પાણી ટપકતું હતું, જેનાથી જમીન પરની કાર્પેટ કૃતકૃત્યભાવથી ભીંજાતી હતી. છોકરીના ચહેરા પર અકળામણ અને ચીડના ભાવ સ્પષ્ટ હતા. અરીસા સામે ઊભી રહીને એ છેલ્લું ટૉપ ટ્રાય કરી રહી હતી. એણે ટૉપ શરીર પર લગાડ્યું, આમતેમ ફરીને જોયું અને એના રેશમ જેવા શરીરને અડેલું એ ટૉપ ઊછળીને પડ્યું બીજાં કપડાંની સાથે...

એ જ વખતે એના રૂમનો દરવાજો ખૂલ્યો. એક ચાળીસેક વર્ષની ખૂબ નમણી સ્ત્રી બારણું ખોલીને અંદર દાખલ થઈ. એણે ઘડીભર રૂમમાં નજર ફેરવી, અસ્તવ્યસ્ત કપડાં, ઉઘાડું વૉર્ડરોબ, શૉપિંગની બૅગ્સ જોઈને એના ચહેરા પર સ્મિત આવી ગયું. એણે પેલી છોકરીની નજીક જઈ એના માથે હાથ ફેરવ્યો, “અનુષ્કા, હજી તૈયાર નથી થઈ બેટા?”

“મૉમ, મારી પાસે કપડાં જ નથી. શું પહેરું?” પલંગ પર પડેલાં કપડાંના ઢગલા ઉપર અનુષ્કા પલાંઠી વાળીને બેસી ગઈ. એના ઊઘડી ગયેલા બાથરોબને ખેંચીને સરખો કરતાં એની માએ કહ્યું, “અનુ, ધીસ ઇઝ ટૂ મચ! આવું તે કંઈ ચાલતું હશે? તારા વૉર્ડરોબમાં સમાય નહીં એટલાં તો કપડાં છે...અને કહે છે કપડાં નથી?”

“મૉમ, આજની પાર્ટીમાં પહેરાય એવું કંઈ નથી.” અનુષ્કાએ પલંગ પરનાં બધાં કપડાંને લાત મારીને નીચે ફેંકી દીધાં અને લાંબી થઈને સૂઈ ગઈ... “મારે નથી આવવું પાર્ટીમાં...”

“બેબી! કેમ આમ કરે છે? ચલ, આપણે મળીને સિલેક્ટ કરીએ...”

“આ?!” અનુષ્કાએ ઢગલામાંથી બેરહેમીથી કપડાં ઊંચક્યાં અને છુટ્ટા ફેંક્યાં, “આમાંથી સિલેક્ટ કરીએ?”

“તું આજે નવાં લાવી હતીને?”

"એ પણ નથી સારાં.... તારે શાંતિ છે મૉમ, એક સિલ્કની સાડી પહેરી ચાંદલો કર્યો, આંજણ નાખ્યું... તારા બ્યુટિફુલ વાળનો અંબોડો વાળી દીધો... એથી આગળ જઈએ તો ગજરો પહેરી લીધો અને તું ગૉર્જિયસ દેખાય છે... તું કેટલી સુંદર છે મૉમ, કંઈ પણ પહેરે સારી જ લાગે છે."

"અચ્છા! તારી મા છું, તને તો સુંદર જ લાગુંને?" માના ચહેરા પર ખૂબ માર્દવભર્યું સ્મિત હતું, પણ એને ખબર હતી કે એની દીકરીની વાત ખોટી નહોતી. એ સ્ત્રીનો ચહેરો જાણે માપ લઈને ઘડ્યો હોય એવો નમણો, એવો સુંદર હતો. તીખું નાક, ઉપર બે મોટી મોટી કથ્થઈ આંખો, લાંબી પાંપણો, લગભગ અનુષ્કા જેવી જ લીસી અને ડાઘ વગરની ત્વચા... બે પરવાળા જેવા હોઠ, સુરાહીદાર ગરદન અને અનુષ્કા જેવડી દીકરી હોવા છતાં સાવ એકવડિયો - છોકરી જેવો બાંધો... કોઈ કુશળ મૂર્તિકાર પણ ભૂલ ન કાઢી શકે એવા વળાંકો ધરાવતું આકર્ષક શરીર...

એના પોતાનાથી અરીસામાં જોવાઈ ગયું...

એનો અંબોડો ખૂલી ગયો હતો. વાળની બે-ચાર લટો બહાર નીકળી આવી હતી, જે ચહેરા પર ઝૂલી રહી હતી. ચાંદલો દોડાદોડીમાં રેલાઈ ગયો હતો અને સવારથી કરેલું આંજણ આંખોની બહાર નીકળીને ફેલાઈ ગયું હતું. એ પછી પણ એનો ચહેરો સુંદર જ લાગતો હતો. અનુષ્કા અચાનક ઊઠી. એણે પોતાના બે હાથ વચ્ચે માનો ચહેરો પકડી લીધો અને એકદમ નજીક લઈ આવી. માની આંખોમાં આંખો નાખી, "ઓહ માય ગૉડ! તું આજે આટલી સુંદર છે તો મારા જેવડી હોઈશ ત્યારે કેવી હોઈશ? મૉમ, તારી પાછળ બહુ છોકરાઓ ગાંડા થતા હશે નહીં? ડૅડ ઇઝ લકી..."

"ચક્રમ! જલદી તૈયાર થા, નહીં તો તારા ડૅડ આવશે."

ગંભીર મોઢું કરીને મૂછે તાવ દેતી હોય એવી ઍક્ટિંગ કરીને અનુષ્કાએ કહ્યું, "બેટા, જલદી તૈયાર હો જાવ, વરના ગબ્બર આ જાયેગા..." પછી માના ગળામાં હાથ નાખીને ગાલ ઉપર એક ચુંબન

કર્યું, "ડૅડ ઇઝ લકી, બટ યુ આર નૉટ વેરી લકી. મૉમ, તેં ટ્રાય કર્યો હોત તો તને ડૅડથી પણ વધારે સારો વર ના મળ્યો હોત?"

"વીસ વરસ થયાં મારાં લગનને, શું બકવાસ કરે છે? જલદી તૈયાર થા અને બહાર આવ. તારા ડૅડ ચિડાઈ જશે. તને ખબર છેને એમને ટાઇમની કેટલી..."

"હા મૉમ, ઘડિયાળ બંધ પડે, પણ ડૅડ નહીં..." અનુષ્કાએ કહ્યું અને ફરી પગ પર પગ ચડાવીને બેસી ગઈ. એનો બાથરોબ ફરી ઊઘડી ગયો હતો. ઘૂંટણથી વેંત ઉપર ચડી ગયેલા બાથરોબમાંથી એના લાંબા આરસપહાણ જેવા પગ દેખાતા હતા. માએ બાજુમાં પડેલો ટૉવેલ લઈને એના પગ પર નાખ્યો. આવડી મોટી થઈ... પણ...'

"મૉમ, બ્યુટી દેખાડવા માટે છે, ઢાંકવા માટે નહીં..." એણે પગ પરથી ટૉવેલ કાઢી નાખ્યો. પછી ઝટકા સાથે ઊભી થઈ. માને ખભામાંથી પકડીને અડધી ઢાળી દીધી અને જાણે પોતે પુરુષ હોય એમ એના અંબોડામાં હાથ નાખીને એના હોઠની નજીક હોઠ લઈ આવી, "તારી જેમ બત્રીસ વર્ષે..."

"સ્ટુપિડ આઇ ઍમ ફોર્ટી..." પડતાં પડતાં બચેલી મા અનુષ્કાને ધક્કો મારીને સીધી થઈ અને એણે સાડી સરખી કરી.

"ચાળીસ તો તું કહે છે, પણ મને ખાતરી છે કે ગણતરીમાં કંઈક ભૂલ છે. ચાલ, આપણે પાંત્રીસ રાખીએ. તારી જેમ મારી અઠ્ઠાવીસની કમર હોતને તો હું બેલીટૉપ સિવાય કંઈ પહેરત જ નહીં..."

"સારું, હું આજે તારા ડૅડીને પૂછી લઈશ."

"શું?"

"અનુષ્કા પાસે કંઈ કપડાં નથી, તો એ મારી સાડી પહેરે અને હું એનું બેલીટૉપ પહેરું?"

"વેરી ગુડ...,,

"પછી ડેડ શું કહેશે તને ખબર છે? મને ચૌદમા માળની અગાશીમાં પાળી પર ઊભી રાખશે અને કહેશે સીડી ઊતર્યા વગર જુહૂના દરિયે પહોંચી જા..." મા-દીકરી બંને ખડખડાટ હસી પડ્યાં. અનુષ્કા માને વળગી અને એણે જૂની ફરિયાદ ફરી એક વાર કરી.

"કહેને, હું શું પહેરું?"

"જે પહેરવું હોય તે પહેર અને દસ મિનિટમાં બહાર આવ." મા બારણું ખોલીને બહાર નીકળી ગઈ. અનુષ્કા ફરી એ જ સ્થિતિમાં અરીસા સામે ઊભી રહી ગઈ.

બહાર નીકળીને અનુષ્કાની મા રસોડામાં ગઈ. રસોઇયાને કામ કરતા જોઈ જે બે-ચાર વસ્તુઓ જોઈતી હતી તે આપીને એ ડ્રૉઇંગરૂમ તરફ આગળ વધી. ડ્રૉઇંગરૂમમાં કામ કરી રહેલી બાઈને ક્રોકરી લૂછવામાં મદદ કરવા લાગી. એ જ વખતે ડોરબેલ વાગી...

ફરી એક ફૂલનો બુકે આવ્યો હતો. કામ કરતી બાઈએ જઈને સહી કરીને બુકે લીધો અને જરા લાડના ભાવ સાથે પેલી સ્ત્રીને પૂછ્યું, "બહેન, હવે જરાય જગ્યા નથી રહી, આ ફૂલ ક્યાં મૂકું?"

"બહાર મૂકી દે અગાશીમાં, પછી ગોઠવડાવું છું. અમોલ ક્યાં છે?' એણે પૂછ્યું.

"અમોલ બાબા તો સવારના ગયા છે. પછી જમવા પણ ક્યાં આવ્યા છે?"

"અરે બાપ રે! અક્ષય આવશે તો પ્રૉબ્લેમ થઈ જશે." એણે બાજુમાં પડેલો ફોન ઉપાડ્યો અને દીકરાનો મોબાઇલ ડાયલ કર્યો.

"યસ સ્વીટ હાર્ટ!" દીકરાનો બેફિકર અવાજ સંભળાયો. "અમોલ, આજે ઘરમાં પાર્ટી છે, યાદ છે કે ભૂલી ગયો?"

"ઓહ યસ યસ... હું તો ભૂલી જ ગયેલો."

"જલદી ઘરે પહોંચ, તારા ડેડી આવતા જ હશે."

"હા યાર, સારું થયું તેં ફોન કર્યો, નહીં તો અમારે પાર્ટીમાં જ ચકચક થઈ જાત..."